| | |
|---|---|
| PUBLICATION NAME : | Jai Hind |
| EDITION : | Ahmedabad |
| DATE : | 17/01/2023 |
| PAGE : | 1 & 2 |

# સ્ટાર્ટઅપ્સ માટે સાનુકૂળ ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા સરકાર કટિબધ્ધ: સંઘવી

ગાંધીનગર,તા.૧૬

આજે સ્ટાર્ટઅપ દિવસ નિમિત્તે આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) ભાટ ખાતે નેશનલ 'વાર્ષિક સ્ટાર્ટઅપ સમિટ-૨૦૨૩ એમ્પ્રેસેરિયો'નું ઉદ્યોગ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉદ્ઘાટન કર્યું હતું.

## આગામી દિવસોમાં ગુજરાત 'સ્ટાર્ટ અપ' ક્ષેત્રે વિશ્વના સ્ટાર્ટઅપ ઈન્નોવેટર્સની પ્રથમ પસંદગી બનશે

ઉદ્યોગ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સમિટનું ઉદ્ઘાટન



કરતાં કહ્યું કે, સ્ટાર્ટ અપ્સ માટે સાનુકૂળ ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા રાજ્ય સરકાર હર હંમેશ કટિબધ્ધ છે. આવનારા દિવસોમાં ગુજરાત 'સ્ટાર્ટ અપ' ક્ષેત્રે વિશ્વના સ્ટાર્ટ અપ ઈન્નોવેટર્સની પ્રથમ પસંદગી બનશે.

તેઓએ જણાવ્યું કે, રાજ્ય સરકારની સચોટ નીતિઓ, મજબૂત સંસ્થાકીય વ્યવસ્થાપન અને ખાનગી ક્ષેત્રની ગતિશીલ ભાગીદારીને પરિણામે આજે ગુજરાત દેશના સૌથી પ્રગતિશીલ સ્ટાર્ટઅપ સ્થળોમાંનું એક છે. 'સ્ટેન્ડ અપ ઈન્ડિયા' અને 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા' યોજનાઓ વર્ષ ૨૦૧૬માં શરૂ કરવામાં આવી હતી અને ત્યારથી આજ સુધી ૮૦,૦૦૦થી વધુ સ્ટાર્ટ અપ્સ નોંધાયા છે અને

(અનુસંધાન બીજા પાને)

## સંઘવી

(છેલ્લા પાનાનું ચાલુ)

૧૦૦થી વધુ યુનિકોર્ન તૈયાર થયા છે. આ સ્ટાર્ટ અપમાં ૪૮ ટકાથી વધુ મહિલાઓ જોડાયેલી છે તે ગૌરવ પૂર્ણ વાત છે તેમ પણ મંત્રીએ ઉમેર્યું હતું.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ માટે સાનુકૂળ ઈકોસીસ્ટમ તૈયાર થાય તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા જરૂરી નિયમો અને જોગવાઈઓમાં ફેરફારો પણ કરવામાં આવ્યા છે. અન્ય રાજ્યોના સ્ટાર્ટઅપ કેન્દ્રોનું ગુજરાતના સ્ટાર્ટઅપ કેન્દ્રો સાથે જોડાણ કરી આંતરરાજ્ય પ્રાદેશિક કેન્દ્રો તૈયાર કરવામાં આવે છે.